# સોશ્યલ મિડીયામાં એજયુકેટર, ટયુટર, એડવાઈઝરના નામે રોકાણકારોને છેતરવાની પ્રવૃત્તિ સામે સાવધાન

*સોશ્યલ મિડીયા જેટલું સોશ્યલ છે તેથી વધુ એન્ટી સોશ્યલ પણ કહી શકાય એવા કામ કરે છે અથવા કરવાનો માર્ગ-મોકો આપે છે. આ માર્ગ પર પબ્લિક-દરેક જણ પોતાને યુઝર્સ જાણે છે, ગણે છે, કિંતુ તેમનો યુઝ (મિસયુઝ) થાય છે એનો ખ્યાલ તેમને ચોકકસ કડવા અનુભવો બાદ આવે છે. ખાસ કરીને રોકાણ માટે અપાતી સ્ટોકસના ટ્રેડિંગની કે લે-વેચની અને વિવિધ રીતે રોકાણ કરવાની એડવાઈસ આપવાને નામે અહીં છેલ્લા કેટલાંક સમયથી લોકોને ઉલ્લુ બનાવવાના કારનામા ચાલી રહયા છે, જોકે આમાં એવા જ લોકો ફસાય છે, જે લોભિયા હોય છે, તેમને છેતરનારા વધુ હોશિયાર હોય છે, જેઓ આવી લુંટથી લાખોપતિ અને કરોડપતિ પણ બને છે.*

તાજેતરમાં નિયમન તંત્ર સેબીએ એક એવો અજબગજબનો કિસ્સો પકડયો છે, જે ચોંકાવનારો તો છે જ, કિંતુ રોકાણકાર વર્ગ માટે તો બહુ મોટા સબક સમાન ગણી શકાય. સેબીએ નોંધ્યું છે કે અમુક હસ્તીઓ રોકાણકારોને મહિને ત્રણ લાખથી છ લાખ સુધીની કમાણીની ગેરન્ટી આપે છે, તેઓ સ્ટોકસની ભલામણ કરે છે, તેઓ લાઇવ ટ્રેડિંગ કલાકોમાં પણ લે-વેચની સલાહ આપે છે. મજાની વાત એ છે કે આવા એડવાઈઝર્સ સિકયોરિટીઝ -સ્ટોક માર્કેટના શૈક્ષણિક કોર્સના નામે લોકોને આકર્ષે છે અને શિક્ષણના નામે રોકાણકારોનું ભક્ષણ કરે છે. આમ જોવા જઈએ તો સામાન્ય લાગે, પણ હવેના સોશ્યલ મિડીયાના માધ્યમથી રોકાણકારો-ટ્રેડર્સને આકર્ષતા, ઊંચા વળતરની ખાતરી આપતા અને ઈન્વેસ્ટમેન્ટ એજયુકેશનના નામે લોકોને ગેરમાર્ગે દોરતા કેટલાંક લેભાગુઓ અને કથિત રોકાણ સલાહકારો-એનાલિસ્ટસના કારનામા ધ્યાનમાં આવતા સેબીએ તેમની સામે પગલાં લેવાનું શરૂ કર્યુ છે. આમાંના અમુક પોતાને એકસપર્ટ ગણાવે છે, ઘણાં પોતાને ચાર્ટ કા

બાપ નામે ઓળખાવે છે. અહી એ નોંધવું જરૂરી છે કે શેરબજારમાં ચાર્ટમાં માનનારાઓની સંખ્યા પણ મોટી છે.

**પ્રાઈવેટ ગ્રુપના નામે પથરાતી જાળ**

આ લોકો પોતાને શેરબજારની ચાલની ઊંડી સમજ હોવાનો દાવો કરી રોકાણકારોને ટુંકસમયમાં નાણાં ડબલ કરવાની ઓફર આપતા હોય છે. આ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ સેબીમાં રજિસ્ટર્ડ હોતા નથી, તેઓ પ્રાઈવેટ ગ્રુપ બનાવી આ પ્રવૃતિ કરે છે. જેઓ ચાલાકીભરી વાતોથી રોકાણકારોને લલચાવીને પોતાની જાળમાં લે છે. અલબત્ત, ઢગલાબંધ લાલચુઓ તેમને મળી પણ જાય છે. કહેવત તો જાહેર છે, લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે. જયારે આ મામલે તો ધુતારા લાખોપતિ -કરોડપતિ બને છે.  સેબી નિયમન તંત્ર તરીકે ભલે પોતાનું કામ કરે, કિંતુ રોકાણકારો પોતે નહી જાગે અને સમજયા વિના લાલચમાં આવતા રહેશે તો તેમના હાલ બુરાં થવાનું નકકી છે. સેબીએ આવા અમુક લેભાગુઓ પાસેથી હાલમાં જ રૂ. ૧૭ કરોડ ની તેમની કમાણી જપ્ત કરી અલગ એકાઉન્ટમાં જમા કરાવી છે. કેટલાંકને સિકયોરિટીઝ માર્કેટમાં સોદા કરવાથી રોકી દીધા છે, અર્થાત તેમના પર માર્કેટમાં સોદા કરવાનો પ્રતિબંધ મુકી દીધો છે.

**એજયુકેટર, ટયુટર બનીને લૂટર**

હકીકત એ છે કે છેલ્લા બે-ત્રણ વરસથી સોશ્યલ મિડીયા માર્ગે ફાઈનાન્સિયલ સલાહ આપતા ઈન્ફલ્યુન્સર બિલાડીના ટોપની જેમ કુટતા ગયા છે. જેઓ સ્ટોકસથી લઈ ફંડસની સ્કિમ કે અન્ય રોકાણ સાધનો-યોજનાઓ વિશે લોકોને પોતાના વાકચાતુર્યથી લલચાવે-આકર્ષે છે, જેમાં અનેક નાના રોકાણકારો ફસાઈ રહયા છે. સેબીએ આ વર્ગને રોકવા રેગ્યુલેશન લાવવાની પ્રોસેસ તો શરૂ કરી છે, પરંતુ ત્યાંસુધીમાં તો લોકોને છેતરવાનું ચાલુ જ રહયું છે. બચતકાર-રોકાણકાર વર્ગે સોશ્યલ મિડીયાના આવા પ્લાન્ટેડ-કથિત પ્રભાવશાળી લોકોની સલાહોથી સજાગ નહી રહે તો કમાવાની વાત તો બાજુએ રહી, લુંટાવાનું પાકકુ થઈ જશે. આવા પ્રભાવશાળી-ઈન્ફલુન્સર્સ સ્ટોકસ કે ફંડસ માટે બોલવાનો સ્વતંત્ર બિઝનેસ કરે છે, જેમાં તેઓ સોશ્યલ મિડીયા પર સંબંધિત સ્ટોકસ અથવા/અને ફંડસની સ્કિમ વિશે રોકાણકારોને આકર્ષણ થાય અને તેઓ આ રોકાણ કરવા પ્રેરાય એ મુજબની માહિતી, પ્રેઝન્ટેશન, કોમેન્ટરી, વિડિયો, વગેરેનો પ્રચાર-પ્રસારને વાઈરલ કરે છે. આ લોકો એડયુકેટર, કન્ટેન્ટ ક્રિએટર અને ટયુટર તરીકે પણ પોતાને ઓળખાવે છે. જેને જોઈ-સાંભળી લાખો લોકો પ્રભાવિત થાય છે અને રોકાણ કરે છે. વાસ્તવમાં આમાં મોટાભાગના પ્લાન્ટેડ હોય છે. સેબી માને છે કે આવા લેભાગુઓ સોશ્યલ મિડીયાના માધ્યમથી રોકાણકાર વર્ગને ગેરમાર્ગે દોરતા અને રોકાણ કરવા ચાલાકીપૂર્વક લલચાવતા હોવાથી તેમને કોઈરીતે અટકાવવા જરૂરી છે.

**વિદેશોમાં પણ આવા કારનામા**

સોશ્યલ મિડીયા ઈન્ફલ્યુન્સર્સની સમસ્યા માત્ર ભારતમાં જ નથી, બલકે વિકસિત અને વિકસતા દેશોમાં પણ છે, તેમના પર નિયંત્રણ લાવવાનું સરળ નથી. ઓસ્ટ્રેલિયા સિકયોરિટીઝ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કમિશને માર્ચ ૨૦૨૨માં સોશયલ મિડીયા ઈન્ફલ્યુન્સર્સ પાસે ફાઈનાન્સિયલ સલાહ આપવા માટે લાઈસન્સ હોવું જોઈએ અને તેનું ઉલ્લંઘન કરનારને જેલની સજા કે આર્થિક દંડની જાહેરાત કરી હતી. સિકયોરિટીઝ કાનુનના નિષ્ણાંતના મતે સેબી માટે આ કાર્ય કઠિન છે. કેમ કે આ ઈન્ફલ્યુન્સર વર્ગ નિયમન હેઠળ હોતા નથી, તેને બદલે સેબી તેના નિયમન હેઠળના વર્ગને આવા લોકોથી દુર રહેવાની ફરજ પાડી શકે છે.

BSE - INTERNAL

અલબત્ત, સેબી માટે આ વિષય પણ એક પડકાર છે, તેમછતાં સેબીની એકશન આવા લેભાગુ વર્ગમાં ભય તો ઊભો કરી શકશે, પરંતુ સૌથી વધુ મહત્વની વાત એ છે કે રોકાણકારોએ પોતે વિશેષ જાગ્રત થવું જોઈશે.

પ્રસ્તુતકર્તા- જયેશ ચિતલિયા

(નોંધઃ આ વિચારો અને અભિપ્રાય લેખકના છે, જેનો હેતૂ રોકાણકારોની જાણકારી અને જાગ્રુતિ માટે છે, આમાં કોઇ ક્ષતિ હોય અથવા અધૂરપ હોય તો બીએસઈ જવાબદાર નથી)